# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika


વર્ષ : ૧૬
અંક : ૧૦

૨૦૨૨ : ઓક્ટોબર
માસિક : રૂ. ૫/-



: તંત્રી :

**શ્રી જગતભાઈ એચ. દવે**

૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮
મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭
કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**
**શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.**
**શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી**

આપના ઘરમાં હંમેશાં ધનની વર્ષા રહે, સંકટનો નાશ થાય અને શાંતિનો વાસ રહે. દીપાવલી તથા આવનારૂ નૂતન વર્ષ આપને તથા આપના પરિવારને સુખમય, સમૃદ્ધિમય, આરોગ્યમય, યશસ્વી નિવડે તેજ પ્રભુ પાસે પ્રાર્થના સહ.

## શુભ દિપાવલી !!
## નૂતન વર્ષાભિનંદન !!

શ્રી જગતભાઈ દવે (તંત્રી), દીલીપભાઈ પંડ્યા (પ્રુફ રીડર)
તથા તંત્રીમંડળના સભ્યો, બાજખેડાવાળ પત્રિકા

✦✦✦✦✦✦

શ્રી કિરીટકુમાર દવે (પ્રમુખશ્રી) શ્રી સમીરભાઈ દવે (મંત્રીશ્રી)
તથા ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને કારોબારી સભ્યો
**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ**

✦✦✦✦✦✦

શ્રી પ્રણવકુમાર જોષી (પ્રમુખશ્રી) શ્રી સમીરભાઈ દવે (મંત્રીશ્રી)
તથા હોદ્દેદારો અને કારોબારી સભ્યો
**શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી., અમદાવાદ**

✦✦✦✦✦✦

શ્રી કિરીટકુમાર દવે (પ્રમુખશ્રી) શ્રી પ્રણવકુમાર જોષી (મંત્રીશ્રી)
તથા હોદ્દેદારો અને કારોબારી સભ્યો
**શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી, વિદ્યાનગર**

# તંત્રી લેખ...

વૃદ્ધત્વ પગથી ઉપર તરફથી શરૂ થાય છે. તમારા પગ સક્રિય અને મજબૂત રાખો.

જેમ આપણે વર્ષોથી જીવીએ છીએ તેમ તેમ દૈનિક ધોરણે વૃદ્ધ થતા જઈએ છીએ પણ આપણા પગ હંમેશા સક્રિય અને મજબુત રહેવા જોઈએ.

જેમ જેમ આપણે સતત વૃદ્ધ થઈએ છીએ વૃદ્ધત્વ મેળવી રહ્યા છીએ. આપણે આપણા વાળને ભૂરા – સફેદ તથાં (અથવા) ચામડીને કરમાતા (અથવા) ચહેરા પરની કરચલીઓથી ડરવું જોઈએ નહીં.

યુ.એસ.ના લોકપ્રિય મેગેઝિન "પ્રિવેન્શન"ના સારાંશ મુજબ લાંબા આયુષ્યના ચિહ્નો, લાંબા પગલાના જીવનની વચ્ચે (ચાલતા રહેવામાં) અને પગના મજબૂત સ્નાયુઓ ટોચ પર છે, જે એક રીતે સૌથી મહત્વપૂર્ણ અને આવશ્યક છે.

**કૃપા કરીને દરરોજ ચાલો.**

જો તમે તમારા પગને માત્ર બે અઠવાડિયા સુધી ખસેડો–ચાલો નહીં, તો તમારી વાસ્તવિક પગની તાકાત ૧૦ વર્ષ સુધીની ઘટી જશે.

**બસ ચાલો**

ડેનમાર્કની કોપનહેગન યુનિવર્સિટીના એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વૃદ્ધ અને યુવાન બંને માટે, નિષ્ક્રિયતાના બે અઠવાડિયામાં જ, પગના સ્નાયુઓની મજબૂતાઈ તેના ત્રીજા ભાગ જેટલી નબળી પડી શકે છે, જે વૃદ્ધત્વના ૨૦–૩૦ વર્ષની સમકક્ષ છે.

**તો માત્ર ચાલો**

જેમ જેમ આપણા પગના સ્નાયુઓ નબળાં પડતા જાય છે, તેમ તેમ આપણે પુનર્વસન અને કસરતો કરીએ તો પણ પુન:રીકવર થવામાં ઘણો સમય લાગે છે.

**માટે જ ચાલો**

તેથી જ ચાલવા જેવી નિયમિત કસરત ખૂબ જ મહત્વની છે. આખા શરીરનું વજન–ભાર પગ ઉપર રહે છે પગ એક પ્રકારનો આધારસ્તંભ છે. જે માનવ શરીરનું સંપૂર્ણ વજન સહન કરે છે.

**દરરોજ ચાલો**

રસપ્રદ વાત એ છે, કે વ્યક્તિના ૫૦% હાકડકા અને ૫૦% સ્નાયુઓ બે પગમાં હોય છે.

**માટે ચાલવું જ જોઈએ**

માનવ શરીરના સૌથી મોટા અને મજબૂત સાંધા અને હાડકાં પણ પગમાં હોય છે.

**૧૦૦૦૦ પગલાં દરરોજ ચાલો**

મજૂબત હાડકાં, મજબૂત સ્નાયુઓ અને લચક આપતાં સાંધાએ લોખંડી ત્રિકોણ બનાવે છે જે સૌથી મહત્વપૂર્ણ ભાર એટલે કે માનવ શરીરનું વહન કરે છે. વ્યક્તિના જીવનમાં ૭૦% પ્રવૃતિ અને ઉર્જાનો વપરાશ બે પગ દ્વારા કરવામાં આવે છે.

**શું તમે આ જાણો છો ?**

જ્યારે કોઈ વ્યક્તિ યુવાન હોય છે, ત્યારે તેની જાંઘમાં ૮૦૦ કિલો વજનની નાની કાર ઉપાડવા માટેની પૂરતી તાકાત હોય છે. પગ શરીરના હલનચલનનું કેન્દ્ર છે. બંને પગમાં સાથે મળીને માનવ શરીરની ૫૦% ચેતાઓ, ૫૦% રક્ત વાહિનીઓ અને તેમાંથી ૫૦% લોહી વહે છે. તે સૌથી મોટું રુધિરાભિસરણ નેટવર્ક છે જે શરીરની સાથે જોડે છે.

**તો દરરોજ ચાલો**

ફક્ત જ્યારે પગ તંદુરસ્ત હોય ત્યારે લોહીનો પ્રવાહ સરળ રીતે વહે છે તેથી પગના સ્નાયુઓ મજબુત હોય તેવા લોકો ચોક્કસપણે મજબૂત હૃદય ધરાવે છે.

**માટે જ ચાલો**

વૃદ્ધત્વ પગથી ઉપર તરફ શરૂ થાય છે. જ્યારે વ્યક્તિ યુવાન હોય છે. તેના કરતા જેમ જેમ વ્યક્તિ વૃદ્ધ થાય છે. તેમ તેમ મગજ અને પગ વચ્ચે સૂચનાઓની આપ-લેની ચોકસાઈ અને ઝડપ ઘટે છે.

**માટે ચાલવા વિનંતી**

વધુમાં, કહેવાતુ હાડકાનું ખાતર (કેલ્શિયમ) મોડા વહેલા સમયની સાથે ખવાઈ જાય છે, જેથી વૃદ્ધોને હાડકાના ફ્રેક્ચર થવાની સંભાવના વધારે રહે છે.

**ઉપાય ચાલવાનું રાખો**

વૃદ્ધોમાં હાડકાના ફ્રેક્ચર સામાન્ય રીતે ઘણી ગૂંચવણો ઊભી કરે છે, ખાસ કરીને, મગજના થ્રોમ્બોસિસ જેવા જીવલેણ રોગો પણ. શું તમે જાણો છો, સામાન્ય રીતે જાઘ-હાડકાના ફ્રેક્ચર વાળા ૧૫% જેટલા વૃદ્ધ દર્દીઓ વધુમાં વધુ એક વર્ષની અંદર જ મૃત્યુ પામે છે.

**ભૂલ્યા વગર દરરોજ ચાલો**

પગની કસરત માટે તો ક્યારેય મોડું થતું નથી. ૬૦ વર્ષની ઉંમર પછી પણ કસરત (ચાલવાની) ચાલુ કરી શકાય છે. ભલે સમયની સાથે આપણા પગ ધીમે ધીમે વૃદ્ધ થશે. પરંતુ આપણા પગની કસરત કરવી એ જીવનભરનું કાર્ય છે.

**૧૦,૦૦૦ પગલાં દરરોજ ચાલો**

ફક્ત પગને નિયમિત રીતે મજબૂત કરીને, વ્યક્તિને વૃદ્ધત્વને વધતુ અટકાવી અથવા ઘટાડી શકે છે.

**૩૬૫ દિવસ ચાલો**

કૃપા કરીને તમારા પગને પૂરતી કસરત મળે અને તમારા પગના સ્નાયુઓ તંદુરસ્ત રહે તે માટે દરરોજ ઓછામાં ઓછું ૩૦-૪૦ મિનિટ ચાલો.

તમારે આ મહત્વની માહિતી તમારા ૪૦+ ઉંમરના મિત્રો અને પરિવારના સભ્યો સાથે શેર કરવી જોઈએ, કારણ કે દરેક વ્યક્તિ દૈનિક ધોરણે વૃદ્ધ થાય છે.

**તંત્રી – શ્રી જગતભાઈ દવે**
**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



### શ્રી પ્રિતીબેન પ્રશાંતકુમાર દવે

જન્મતારીખ : ૨૮–૧૧–૧૯૬૭

મૂળ વતન : વડોદરા

અભ્યાસ : બી.કોમ.

મૂળ સોજીત્રાના હાલ વડોદરા રહેવાસી રામલાલ ફૂલશંકર જોષીની દિકરી તથા આણંદના રહેવાસી સ્વ. નટવરલાલ નાથાલાલ દવે (વકીલ)ના દિકરા પ્રશાંતકુમાર નટવરલાલ દવે (વકીલ)ના પત્ની.

મહારાજા સયાજીરાવ યુનીવર્સિટીમાં બી.કોમ. સુધીનો અભ્યાસ કરેલ છે. આણંદમાં ઘણી સામાજિક સંસ્થાઓમાં સભ્ય રહેલા છે તથા આણંદ બાજખેડાવાળ મહિલા મંડળ, બાજખેડાવાળ મંડળ આણંદના આજીવન સભ્ય છે. આમ સમાજમાં સક્રીય રહી સેવા કરતા આવેલ છે.

પ્રિતીબેનના પતિશ્રી પ્રશાંતકુમાર દવે બાજખેડાવાળ મંડળ – આણંદમાં કારોબારી સભ્ય તરીકે સેવા આપે છે અને તેઓશ્રી શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભામાં સેવાઓ આપે છે. જ્ઞાતિ પ્રત્યે તેમનો આદર ખૂબ ઊંચો છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



## શ્રી જીનલબેન ગૌરાંગકુમાર પંડ્યા

જન્મતારીખ : ૧૯૭૮

મૂળ વતન : આણંદ

અભ્યાસ : બી.એસ.સી., માઈક્રો, એમ.એલ.ટી.

જીનલબેનના લગ્ન આણંદ સ્થિત ગૌરાંગકુમાર કૌશીકકુમાર પંડ્યા સાથે ૨૦૦૪માં આણંદ મુકામે યોજાયેલ. તેઓને પ્રાચી નામે પુત્રી છે. જીનલબેન જ્ઞાતિ સમાજની પ્રવૃતિઓમાં ઊંડો રસ ધરાવે છે.

ગૌરાંગભાઈ આણંદમાં વકિલાતની પ્રેકટીશ કરે છે અને વકિલ તરીકે ખૂબ જ ખ્યાતનામી મેળવેલ છે. તેઓ ભારતીય જનતા પાર્ટીની લીગલ સેલમાં તથા વકિલ મહામંડળમાં સેવાઓ પૂરી પાડે છે. સમાજમાં આગવું સ્થાન ધરાવે છે. તેઓશ્રી બાજખેડાવાળ મંડળ આણંદ તથા શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીમાં કારોબારી સભ્ય તરીકે સેવાઓ આપે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



**શ્રી મનીષાબેન રાજેશકુમાર દવે**

જન્મતારીખ : ૧૮–૦૭–૧૯૬૮

જન્મ સ્થળ : નડીયાદ

અભ્યાસ : બી.એ.

મનીષાબેનનાં શુભલગ્ન આણંદ નિવાસી રાજેશકુમાર પિનાકીનપ્રસાદ દવે સાથે ૧૯૮૯માં થયેલ. રાજેશભાઈ જી.ઈ.બી. હાલ મધ્ય ગુજરાત વીજ કંપનીમાં સ્ટેનોગ્રાફર તરીકે નોકરી કરે છે.

પુત્ર : જલજ, પ્રાઈવેટ લીમીટેડ કંપનીમાં નોકરી કરે છે. તેમના શુભલગ્ન નીશા સાથે થયેલ છે. તેઓને વામીકા નામની પુત્રી છે.

પુત્ર : યશ, ભારતમાં બી.એસ.સી., એમ.એસ.સી. ડીગ્રી પ્રાપ્ત કરી વધુ અભ્યાસ અર્થે કેનેડા ગયેલ અભ્યાસ પૂર્ણ કરી પી.આર. મેળવી ફેબ્રુઆરી – ૨૦૨૨માં દેવાંશી સાથે શુભલગ્ન થયેલ છે.

શોખ : નવી નવી સ્ટાઈલના કપડાં પહેરવાનો, ખરીદી કરવાનો, ફરવા જવાનો શોખ છે.

રાજેશકુમાર શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ભૂતપૂર્વ પ્રમુખ છે, બાજખેડાવાળ મંડળ આણંદમાં ઉપપ્રમુખ છે અને બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીમાં કારોબારી સભ્ય તરીકે સેવાઓ આપે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



### શ્રી અર્ચનાબેન ફાલ્ગુનકુમાર ઠાકર

જન્મતારીખ : ૧૦–૦૮–૧૯૭૪

જન્મસ્થળ : અમદાવાદ

અભ્યાસ : બી.એ., એમ.એ.

અર્ચનાબેનના શુભલગ્ન ફાલ્ગુનકુમાર સનતકુમાર ઠાકર સાથે ૧૯૯૫માં થયેલ. લગ્નજીવનની શરૂઆતમાં સ્કુલમાં શિક્ષક તરીકે નોકરી કરતા હતા. ત્યારબાદ કૌટુંબીક જવાબદારીઓના કારણે નોકરી છોડી ગૃહસ્થ જીવનમાં પરોવાયેલ છે.

પુત્રી : ભાર્વી ઠાકરના શુભ લગ્ન ૨૦૨૨માં અમદાવાદ નિવાસી શુભમ્‌કુમાર સાથે થયેલ છે.

પુત્ર : આલોક – હાલ કોમ્પ્યુટર એન્જીનીયરીંગમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે.

શોખ : કપડાં, ટી.વી. તથા ફરવાનો, ઘર સુશોભન કરવાનો

તેઓના પતિ ફાલ્ગુનકુમાર ઠાકર પીટની બોસ નામની ઈન્ટરનેશનલ કંપનીમાં ૨૫ વર્ષથી ફરજ બજાવે છે. છેલ્લા ૫ વર્ષથી વર્ક ફ્રોમ હોમ ફરજ બજાવે છે. તેઓશ્રી શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા – ખજાનચી, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. – ખજાનચી છે. બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી – ખજાનચી, બાજખેડાવાળ મંડળ આણંદ – મંત્રી તરીકે અવિરત સેવાઓ આપે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



### શ્રી પ્રિતીબેન સુધીરકુમાર મહેતા

| | | |
|---|---|---|
| જન્મતારીખ | : | ૨૫–૦૪–૧૯૭૨ |
| અભ્યાસ | : | એમ.કોમ. |
| મૂળવતન | : | ઉમરેઠ |
| હાલ | : | ગાંધીનગર |

પ્રિતીબેનના શુભ લગ્ન નડીયાદ નિવાસી સુધીરકુમાર સુરેશચંદ્ર મહેતા સાથે ૧૯૯૬માં થયેલ. સુધીરકુમાર મહેતા એલ.આઈ.સી.માં અનેકવિદ પદો પર નોકરી કરી હાલ રાજકોટ ખાતે આસી. ડીવીઝનલ મેનેજર તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેઓના સુપુત્ર ચિ. હર્ષિલ એમ.બી.બી.એસ. પાસ થયેલ છે. હાલ એમ.ડી.નો અભ્યાસ કરી રહ્યા છે.

પ્રિતીબેનને ભજનો ગાવાનો, ભજનો લખવાનો, ઘર શુશોભીત કરવાનો શોખ છે. હાલ તેઓ રાજકોટમાં કુટુંબ સાથે રહે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



### શ્રી હર્ષાબેન મુકેશકુમાર દવે

જન્મતારીખ : ૦૬-૦૨-૧૯૬૬

અભ્યાસ : બી.કોમ.

મૂળ વતન : ખંભાત, હાલ - આણંદ

વ્યવસાય : પોસ્ટ ઓફીસ, આણંદ - કલાર્ક

હર્ષાબેન શુભલગ્ન પેટલાદ નિવાસી મુકેશકુમાર કાંતિલાલ દવે સાથે ૧૯૮૭ની સાલમાં થયેલ. તેઓના સંતાનમાં નિશાબેન તથા નેહાબેન બે પુત્રી રત્નો છે. તેઓ શ્રી હાલ આણંદમાં જીવન વિતાવે છે.

નિશાબેનના લગ્ન સચીન જીતેન્દ્રકુમાર દવે સાથે થયેલ છે. તેઓને દેવાંશી નામની પુત્રી છે.

નેહાબેનના લગ્ન ખંજનકુમાર સમીરભાઈ ભટ્ટ સાથે થયેલ છે. તેઓને હવિષા નામની પુત્રી છે.

મુકેશકુમાર કાંતિલાલ દવે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી., બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીમાં કારોબારી સભ્ય તરીકે વર્ષોથી સેવા આપે છે. બાજખેડાવાળ મંડળ આણંદમાં ખજાનચી તરીકે સેવાઓ આપે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



### શ્રી દક્ષા અતુલકુમાર શુકલ

જન્મતારીખ : ૩૦–૦૮–૧૯૬૯

અભ્યાસ : એમ.એ. બી.એડ્.

સરનામું : ૨૦૧, સાંઈધામ ફલેટ, કલ્પના સીનેમા રોડ, જુના રસ્તા, આણંદ

પતિનું નામ : અતુલકુમાર ઘનશ્યામપ્રસાદ શુકલ

પુત્ર : નિસર્ગ શુકલ એમ.બી.બી.એસ.નો અભ્યાસ ચાલુ

પુત્રી : દેવાંશી યશ દવે, સીનીયર આઈ.ટી. એડવાઈઝર,
ટેક મહીન્દ્રા કંપની મુંબઈ (પુત્રવધુ – મનિષાબેન રાજેશકુમાર દવે)

શોખ : સ્વભાવે શાંત, વ્યવહારૂ, કાર્યશીલ અને કુટુંબ પ્રિય, વાંચન તથા
ધર્મકાર્યમાં વિશેષ રુચિ

તેઓના જમાઈ યશ રાજેશકુમાર દવે કેનેડા મુકામે સ્થાયી થયેલ છે. દેવાંશીબેન પણ ટૂંક સમયમાં કેનેડા મુકામે સ્થાયી થશે.

અતુલકુમાર ઘનશ્યામપ્રસાદ શુકલ પ્રિન્સીપાલ તરીકે સેવા બજાવે છે. વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો–મહંતો આચાર્યશ્રીના ખુબ જ કૃપા પાત્ર વ્યક્તિ છે. તેઓ સંસારમાં રહીને પણ સાધુ જેવું જીવન જીવે છે. તેઓશ્રી બાજખેડાવાળ મંડળ – આણંદના કારોબારી સભ્ય તરીકે સેવાઓ આપે છે. નારાયણદેવ મહાદેવ ટ્રસ્ટના પણ તેઓ ટ્રસ્ટી છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



### શ્રી અરૂક્ષાબેન વિપુલભાઈ ત્રિવેદી

જન્મતારીખ : ૧૨–૦૭–૧૯૫૮

મૂળ વતન : ઉમરેઠ

અભ્યાસ : ડિપ્લોમાં ઈન ઈલેક્ટ્રીકલ એન્જીનીયર

અરૂક્ષાબેનના શુભલગ્ન ગણપતરામ ત્રિવેદીના સુપુત્ર વિપુલભાઈ સાથે ૧૯૮૧માં થયેલ. વિપુલભાઈ ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટમાં અનેક વિધ પદવીઓ ભોગવી ઈન્કમટેક્ષ ઓફીસર તરીકે આણંદ મુકામે નિવૃત્ત થયેલ. આણંદને તેઓએ કર્મભૂમિ બનાવેલ છે. નિવૃત્ત જીવન આણંદ મુકામે વિતાવે છે. જ્ઞાતી સમાજની પ્રવૃત્તિઓ ખુબ જ રસ ધરાવે છે.

પુત્રી : ઋષીના પ્રણવકુમાર દવે, અમદાવાદ મુકામે રહે છે. તેઓને રૂઝવ તથા પલ નામના બાળકો છે.

પુત્રી : અંકિતા શિવમ્ ત્રિવેદી – હાલ અમેરીકા મુકામે વસવાટ કરે છે. તેઓને શ્લોકા તથા રૂદ્ર નામના બાળકો છે.

પુત્ર : ભાર્ગવના શુભ લગ્ન ૨૦૧૯માં નિલમબેન સાથે ૨૦૧૯માં થયેલ છે. તેઓ કેનેડા મુકામે વસવાટ કરે છે.

વિપુલભાઈ ત્રિવેદી શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા તથાબાજખેડાવાળ મંડળ આણંદમાં કારોબારી સભ્યા તરીકે સક્રીય ભાગ ભજવે છે. સ્વભાવે શાંત તથા મૃદુ છે. સ્પષ્ટ વક્તા છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



### શ્રી કેતનબેન નિલેષ દવે

કેતનબેન નિલેષ દવેનો જન્મ મૂળ ઉમરેઠના અને હાલ આણંદ નિવાસી શ્રી સુરેશચંદ્ર જે. મહેતા અને શ્રીમતી રાજેશ્રી સુરેશચંદ્ર મહેતાના ઘરે તા. ૦૪–૦૬–૧૯૭૩ના રોજ ઉમરેઠ મુકામે થયો હતો. તેઓને એક નાનો ભાઈ મનીષ સુરેશચંદ્ર મહેતા છે. જે હાલ આણંદ રહે છે.

કેતનબેન સેંટ ઝેવીયર્સ આણંદ ખાતે શાળાકીય શિક્ષણ લીધું. ત્યારબાદ ૧૯૯૬માં બાયોસાઈન્સ ડિપાર્ટમેન્ટ વિદ્યાનગરમાં માસ્ટર ઓફ સાઈન્સ ઈન બાયોકેમિસ્ટ્રિની પદવી હાંસલ કરી. ડીસેમ્બર ૧૯૯૬થી તેઓ નેશનલ ડેલી ડેવલપમેન્ટ બોર્ડ આનંદ ખાતે પ્રોડક્ટ એન્ડ પ્રોસેસ ડેવલપમેન્ટ ગ્રુપમાં કાર્યરત છે. તેઓશ્રી એનડીડીબીમાં આવેલ બોહો કલબમાં As a Creche & Nursery Secretary તરીકેની પણ વધારાની જવાબદારી નિભાવે છે.

તેઓ નડીયાદના શ્રી પ્રબોધચંદ્ર એસ. દવે અને શ્રીમતી હર્ષીદાબેન પી. દવેના સુપુત્ર શ્રી નિલેષ પી. દવે સાથે લગ્નગ્રંથીથી જોડાયા છે. શ્રી નિલેષભાઈ બિઝનેસમેન છે. તેઓ "ZEEL PAINTS" ના નામે વટવા ખાતે ફેક્ટરી ધરાવે છે. તેઓશ્રી બાજખેડાવાળ મંડળ – આણંદમાં કારોબારી સભ્ય તરીકે સેવાઓ આપે છે. તેઓને સંતાનરત્નમાં બે દીકરીઓ છે. મોટી દીકરી ડૉ. ઝીલ દવેએ હાલમાં જ BDS ની ડીગ્રી ડીડીઆઈટી નડીયાદથી પ્રાપ્ત કરી છે. નાની દીકરી સાન્વી દવે આ વર્ષે ૧૨ સાઈન્સ (સીબીએસસી) પાસ કર્યું છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



**શ્રી ભારતીબેન આસુતોષભાઈ પંડ્યા**

જન્મતારીખ : ૦૩–૧૧–૧૯૬૨

અભ્યાસ : બી.કોમ.

ભારતીબેનનાં શુભલગ્ન આસુતોષભઈ અશ્વિનભાઈ પંડ્યા સાથે ૧૯૮૪ની સાલમાં થયેલ. આસુતોષભાઈ ગુજરાત સરકારના P.W.D. વિભાગમાં એન્જીનીયર તરીકે નોકરી કરતા હતા. તેઓ નિવૃતિ બાદ બાંધકામના વ્યવસાય સાથે જોડાયેલ છે. મુળ આણંદના આસુતોષભાઈ હાલ વિદ્યાનગર ખાતે નિવૃત્ત જીવન જીવે છે. તેમનો પુત્ર મનન વ્યવસાય સંભાળે છે તથા પુત્રી રતનબેન વૈવાહિક જીવન વિતાવે છે. તેઓશ્રી બાજખેડાવાળ મંડળ – આણંદમાં કારોબારી સભ્ય તરીકે સેવાઓ આપે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



### શ્રી માયાબેન કિરીટકુમાર દવે

જન્મતારીખ : ૦૫–૦૯–૧૯૫૫

આપનું જીવન શિક્ષણ તથા પૂર્ણ વસવાટ ચેન્નઈમાં કર્યો. આપનું મૂળ વતન સોજીત્રા છે. પિતા સાથે ચેન્નઈમાં ઉચ્ચશિક્ષણ મેળવી આદર્શ શિક્ષિકા તરીકે જોડાયા. આપનો અભ્યાસ M.S.M.ED સુધીનો કર્યો. અંગ્રેજી સાથે માતૃભાષાનું પણ જ્ઞાન મેળવ્યુ અને તેમાં વાંચન, મનન અને ચિંતન કરતા રહ્યા તેથી ગુજરાતી તથા અંગ્રેજીમાં પ્રભુત્વ રાખી શક્યા છે. આપે આપના પતિ સાથે સુમેળ સાધી બંને પુત્રોને ખુબ જ સારું ઉચ્ચ શિક્ષણ આપ્યુ જેથી વર્તમાનમાં બંને પુત્રો પોતાના કુટુંબ સાથે પરદેશમાં સ્થાયી થયા છે. આપે શિક્ષણ સાથે સામાજીક પ્રવૃત્તિમાં પણ રસવૃત્તિ ધરાવી સમાજ સેવામાં ભાગ લીધો. ચેન્નઈમાં મહિલા મંડળમાં પણ વિશિષ્ટ સેવા આપી. વયસ્ક થતાં સરકારી નિયમાનુસાર નિવૃત્ત થયાં છો. હાલમાં પતિ સાથે આણંદમાં વસવાટ કરો છો. સાથે સાથે તન મન અને ધનથી સુંદર પ્રવૃત્તિમાં સહભાગી થાવ છો. શિક્ષિકા તરીકે મેળવેલા સુંદર ગુણોથી આપની સેવાભાવના શોભી ઉઠે છે. હાલ બાજખેડાવાળ મહિલા મંડળના આપ સક્રિય કાર્યકર્તા છો અને બીજી સંસ્થાઓ સાથે મળી સેવાભાવી કાર્ય કરી રહ્યા છો. પતિ સાથે ખભા મિલાવી શિક્ષણ સેવા તથા પરિવાર ભાવનાને પણ સાચવી શક્યા છો તેથી જ આપે સુંદર લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. તેમના પતિશ્રી કિરીટકુમાર દવે બાજખેડાવાળ મંડળ આણંદ – કારોબારી સભ્ય તરીકે સેવાઓ આપે છે.

સુખ નથી આવતું દુ:ખ વગર
પ્રેમ નથી મળતો નફરત વગર
ભરોસો રાખો ભગવાન ઉપર
કારણ કે
તેણે સાગર નથી બનાવ્યો કિનારા વગર

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



### શ્રી પ્રીતિબેન મહેશકુમાર દવે

| | |
|---|---|
| જન્મતારીખ | : ૧૭–૦૫–૧૯૫૭, ચેન્નઈ |
| પિતા | : સ્વ. ભલાશંકર મોતીરામ દવે |
| માતા | : સ્વ. શારદાબેન ભલાશંકર દવે |
| ભાઈ | : સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. મહેશભાઈ<br>શ્રી ભાસ્કરભાઈ, શ્રી મુકેશભાઈ |
| બહેન | : સ્વ. હસુમતી ધીરજલાલ દવે, સ્વ. ચંદ્રિકા વાસુદેવ ડોળિયા |
| લગ્ન | : ઉમરેઠનાં સ્વ. કાન્તાબેન તથા સ્વ. ચીમનલાલ હરિપ્રસાદ દવે (માસ્તર) ના નાના પુત્ર શ્રી મહેશકુમાર સાથે ૯–૨–૭૬ના રોજ થયા. |
| પુત્ર | : (૧) શ્રી રિજ્ઞેશ મહેશકુમાર દવે |
| પરિવાર | : અ.સૌ. જયના રિજ્ઞેશ દવે, કુ. મેહા આર. દવે, કુ. પ્રીશા આર. દવે<br>(૨) શ્રી શિલ્પેશ મહેશકુમાર દવે, અ.સૌ. સ્નેહલ શિલ્પેશ દવે<br>ચિ. સ્તવન એમ. દવે, કુ. રાવી એસ. દવે |

પ્રીતિબેનના સસરાએ ૧૯૬૯થી બંને આંખે દૃષ્ટિ ગુમાવી હતી. સાસુનું ૧૯૫૮માં અવસાન થયેલ ૧૯૭૬થી સસરાની જીવન પર્યન્ત સેવા કરી અને સસરાની આંતરડી ઠારી. ટૂંકી માંદગી બાદ ૨૮–૩–૮૩ના રોજ સસરાનું અવસાન થયેલ. પ્રીતિબેન પિયર અને સાસરીમાં તથા સગાવહાલાં મિત્ર મંડળમાં મળતાવડા સ્વભાવથી બધાંનો પ્રેમ સંપાદન કરેલ છે.

તેઓના પતિશ્રી મહેશભાઈ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી, બાજખેડાવાળ મંડળ આણંદમાં કારોબારી સભ્ય તરીકે સેવાઓ આપે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



### શ્રી ભારતીબેન મનહરલાલ દવે

જન્મતારીખ : ૩૦–૧૦–૧૯૪૬

મૂળવતન : પોરડા, તા. પેટલાદ

અભ્યાસ : ઓલ્ડ, એસ.એસ.સી., પી.ટી.સી.

ભારતીબેનના શુભલગ્ન પોરડા નિવાસ મનહરલાલ ચુનીલાલ દવે સાથે ૧૯૬૪માં અમદાવાદ મુકામે થયેલ ભારતીબેન જીલ્લા લોકલ બોર્ડમાં શિક્ષક તરીકે સેવા આપેલ. મનહરભાઈ ખેતી સંભાળતા હતા.

પુત્ર : પરેશકુમાર દવેના શુભલગ્ન સોનલબેન સાથે થયેલ. પરેશભાઈએ શૈક્ષણિક ક્ષેત્રે ખૂબ જ નામના મેળવેલ M. B. Science કોલેજમાં પ્રોફેસર તરીકે વર્ષોપર્યંત સેવાઓ આપે છે. તેઓ M.Sc., M.Ed., M.Pil, with ફીજીકલ ગોલ્ડ મેડાલીસ્ટ છે. તેમના પુત્રી શૈલ હાલ અમેરીકા વસવાટ કરે છે. પુત્ર સાર્દુલ અમેરીકા વસવાટ કરે છે.

પુત્રી : મિનાક્ષીબેન દવેના લગ્ન પ્રશાંતકુમાર સાથે થયેલ. નાની ઉંમરમાં આકાશને બે વર્ષનો મુકી સ્વર્ગારોહણ કરેલ છે. નાનીમા ભારતીબેને આકાશને ભણાવી ગણાવી M.Sc., B.Ed.કરેલ અને પરણાવેલ. તે હાલ જલારામ ઈન્ટર નેશનલ સ્કુલમાં ફીજીક્સના ટીચર તરીકે હેડ ઓફ ધ ડીપાર્ટમેન્ટ છે. પ્રિયંકાબેન સાથે લગ્ન કરેલ છે. M.Sc. ગોલ્ડ મેડાલીસ્ટ છે. (ફીજીક્સ) તેમની પુત્રીનું નામ આદીશ્રી છે.

પુત્ર : મયંકકુમાર દવે હાલ એંજલ ઈંગ્લીશ સ્કુલમાં સંગીત શિક્ષક તરીકે સેવાઓ આપે છે અને સુંદરકાંડના પાઠ કરાવી જ્ઞાતી સમાજમાં તેમજ આણંદ તથા આજુબાજુના વિસ્તારમાં નામના મેળવેલ છે. તેઓ સંગીત વિશારદ છે. ભારતીબેન દવે બાજખેડાવાળ મહીલા મંડળ – આણંદમાં અનેક હોદ્દા ભોગવી પ્રમુખ તરીકે સેવાઓ આપી છે. હાલ તેઓ સલાહકાર તરીકે સેવાઓ આપે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



**શ્રી નયનાબેન ગિરીશભાઈ ભટ્ટ**

નયનાબેન ગિરીશભાઈ ભટ્ટ મૂળ ઉમરેઠની આણંદમાં આવી વસ્યા. ઘણી મહેનતથી આગળ આવેલા. આણંદમાં ગિરીશ ભટ્ટ બે વખત ચૂંટણીમાં જીતીને મ્યુનિસિપાલિટમાં કાઉન્સીલર તરીકે રહ્યા અને તેમણે લોટિયા ભાગોળમાં ગણપતિનું મંદિર બંધાવ્યું. નિઃસ્વાર્થ સેવા તેમના સ્વભાવમાં જ હોવાથી તેમની પત્ની નયનાબેનમાં પણ નિઃસ્વાર્થ સેવા કરવાની ભાવના છે. હાલના તબક્કામાં તેઓ મ્યુનિસિપાલિટીમાં ટૂડા વિભાગમાં ફરજ બજાવે છે. તેઓ નાના–મોટા દરેકના કામ નિરંતર નિઃસ્વાર્થ ભાવથી કરતા રહે છે. નાની–મોટી સંસ્થામાં દાનનો પ્રવાહ આપતા રહ્યા છે. આવી જ શક્તિ તેમને પ્રભુ આપે તેવી પ્રાર્થના.

શ્રી ગિરીશભાઈ ભટ્ટે આણંદને કર્મભૂમિ બનાવી ઘણા વર્ષોથી આણંદમાં મકાનો, ટેનામેન્ટો, ફ્લેટો, દુકાનો, ઓફિસોનું બાંધકામ કરી લોકચાહના મેળવેલ છે.

# શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. ફોન : (૦૨૬૯૨)૨૪૪૨૧૨

શ્રી બાજખેડવાળ મહિલા મંડળ, આણંદ નવરાત્રી કોમ્પીટીશન ગરબા તથા આરતી સુશોભન કોમ્પીટીશન તા. ૨૮–૯–૨૨ ત્રીજા નોરતાએ ખુબ જ સુંદર આયોજન કરવામાં આવેલ. જેમાં ઘણી મોટી સંખ્યામાં બહેનોએ ઉપસ્થિત રહી સાથે ૧૨ બહેનોએ આરતી સુશોભનમાં ભાગ લઈ નવરાત્રી ગરબાની રમઝટ બોલાવી ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ કાર્યક્રમના નિર્ણાયક તરીકે વુમન્સ એસોસીએસનના ઉપપ્રમુખ જયશ્રીબેન ભટ્ટ તથા મંત્રી અંજનાબેન ઠાકરના નિરિક્ષક તરીકે ગરબા તથા આરતી સુશોભનના નંબર આપવામાં આવેલ. ગરબા હરિફાઈના વિજેતાને માયાબેન કે. દવે તરફથી ઈનામ તથા નાની બાળાઓને રોકડ પુરસ્કાર આપવામાં આવેલ. ગીતાબેન શુકલ તથા માયાબેન દ્વારા ઉપસ્થિત બાળાઓ જે ખૂબ જ સુંદર તૈયાર થઈને આવેલ તેમને (બાળાઓને) લંચબોક્સ, વોટરબેગ, કલર્સની કીટ આપવામાં આવેલ. ઈલાબેન એમ. દવે દ્વારા આરતી સુશોભન વિજેતાને ગીફ્ટ આપવામાં આવેલ.

વિભાગ – ૧ ગરબાના વિવિધ વિભાગના નંબર (૧) ભારતીબેન પંડ્યા (૨) રેખાબેન શેલત (૩) ધનુબેન ધ્યાની (૪) સુધાબેન પંડ્યા

વિભાગ – ૨ (૧) પરિંદા વી. શેલત (૨) નિધિ ખંભોળજા (૩) મેઘા પંડ્યા

વિભાગ – ૩ (બાળાઓ) (૧) વેદીકા પંડ્યા (૨) કાવ્યા પંડ્યા (૩) કેસા શેલત

વિભાગ – ૪ આરતી સુશોભન (૧) પરિંદા શેલત (૨) વસુધાબેન પંડ્યા (૩) સેજલબેન મહેતા

વિભાગ–૫ સૌભાગ્યવંતી પરિધાન સરપ્રાઈઝ ગીફ્ટ જયાબેન જોષી તરફથી ઈનામ (૧) ભારતીબેન પંડ્યા (૨) નિપાબેન પંડ્યાને આપવામાં આવેલ

ગરબા કાર્યક્રમના અંતમાં અમુલ દૂધની બોટલો આણંદ બાજખેડાવાળ મહિલા મંડળ તરફથી તથા સાથે ફરાળી ચેવડાના મોટા પેકેટ મંત્રી પાયલબેન પી. દવે તરફથી આપવામાં આવેલ (૧) એક સદગૃહસ્થ (સૂર્યકાન્તભાઈ) તરફથી મંડળને રૂ. ૨૫૦૧/– તથા ઉષાબેન રઘુનંદન પંડ્યા રૂ. ૫૦૦/– મંડળને ભેટ અર્પણ કરેલ. પાણીના જગની સેવા ઉપપ્રમુખ દક્ષાબેન જે. ખંભોળજાએ કરેલ.

આ કાર્યક્રમને ખૂબ જ સારી સફળતા આપનાર ઈનામના દાતાઓ માયાબેન દવે, સહમંત્રી – ગીતાબેન શુકલ, ઈલાબેન દવે, જયાબેન જોષી તથા પ્રત્યક્ષ–પરોક્ષ સાથ સહકાર આપી ઉપસ્થિત રહેલ સર્વે બહેનોનો આભાર. કાર્યક્રમને અંતે આરતી કરી પ્રસાદ લઈ સૌ છૂટા પડ્યા.

**મીનાબેન પી. જોષી**
**પ્રમુખ**

**પાયલબેન પી. દવે**
**મંત્રી**

# શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ, નડિયાદ

શ્રી બાજખેડાવાળ હોલ, છાગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર પાસે, નડીયાદ.
ફોન ૯૪૦૮૫૦૧૩૯૦

શ્રી બાજખેડાવાળ મહીલા સમાજ નડીયાદ દ્વારા તા. ૫-૧૦-૨૨ના બુધવારના રોજ દશેરાના શુભ દિને સ્થાપના દિન નિમિત્તે ગરબા હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજની બહેન દીકરીઓ સૌએ આનંદ ઉત્સાહથી ગરબાની રમઝટ માણી જેમાં વેલડ્રેસ અને વેલ એક્સન એમ પાંચ વિભાગમાં બે ઈનામો આપવામાં આવ્યા.

શ્રી બાજખેડાવાળ સમાજ સમગ્ર હોદ્દેદારો, વયસ્ક મંડળના હોદ્દારો તથા મહિલા સમાજના હોદ્દેદારો કારોબારી સભ્યો હાજર રહ્યા અને સૌને ઉત્સાહથી વધાવ્યા.

ચાલુ વર્ષે પણ દર વર્ષની જેમ ઈનામો અને ગરબે ફરતી લ્હાણી સૌને આપવામાં આવી.

દર વર્ષે ઈનામો સ્વ. અ.સૌ. વિદ્યાબેન કાંતીલાલ કોટડીયાના સ્મરણાર્થે શ્રી જયંતભાઈ કે. કોટડીયા અને તેમના પરીવાર તરફથી ગરબે ફરતી લ્હાણી ગં.સ્વ. લીલાવતીબેન જી. ભટ્ટ તથા સ્વ.અ.સૌ. હંસાબેન એસ. દવેના સ્મરણાર્થે શ્રીમતી અદીતીબેન દવે તરફથી, સ્વ. અ.સૌ. હર્ષાબેન એચ. દેસાઈ તરફથી તથા ગં.સ્વ. સુમનબેન એમ. દવેના સ્મરણાર્થે, અ.સૌ. મીનાબેન પી. દેસાઈ તરફથી આપવામાં આવી.

દાતાશ્રી (૧) જયંતભાઈ કાંતીલાલ કોટડીયા તરફથી રૂ. ૫૦૦૦/- (૨) વયસ્ક મંડળ તરફથી રૂ. ૨૧૦૦/- (૩) રમેશભાઈ રસિકલાલ ભટ્ટ રૂ. ૫૦૦૦/- (૪) સ્વ. ચંદ્રીકાબેન ભગવતપ્રસાદ પંડ્યા રૂ. ૫૫૧૧/- હસ્તે દીપકભાઈ પંડ્યા (૫) સ્વ. આનંદગૌરી એચ. મહેતા રૂ. ૧૫૦૦/- હસ્તે હીતેશભાઈ અને દિનેશભાઈ મહેતા

સૌ દાતાશ્રીઓનો મહીલા સમાજ હૃદયપૂર્વક આભાર માને છે.

નિર્ણાયક તરીકે સેવા આપનાર બીનતાબેન તથા હેમાબેનનો પણ ખૂબ ખૂબ આભાર.

**આગામી કાર્યક્રમ**

(૧) સમુહ અગીયારસ - સમુહ અગીયારસ ઉજવવાની તા. ૩-૧૨-૨૨ શનીવાર માગસર સુદ અગીયારસ મોક્ષદા એકાદશી

(૨) સમુહ જનોઈ - સમુહ જનોઈ તા. ૩૦-૧-૨૩ મહા સુદ નોમ સોમવારે રાખવામાં આવેલ છે.

સંપર્ક - નિલુષાબેન વી. ભટ્ટ (મો.) ૯૭૩૭૧૨૮૩૮૬, અંજનાબેન જે. દવે (મો.) ૮૨૦૦૯૪૮૬૫૪, ભાવનાબેન શુકલ (મો.) ૯૨૭૭૭૫૦૭૩૩

સૌનો ખૂબ ખૂબ આભાર સહ નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન.

**નિલુષાબેન વી. ભટ્ટ** — **પ્રમુખ**

**અંજનાબેન જે. દવે** — **મંત્રી**

## ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન - ૨૫૪૩૨૦૪૦

### સ્નેહ મિલન સમારંભ - તા. ૬-૧૧-૨૦૨૨

સંસ્થા તરફથી સ્નેહ મીલનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. દર વર્ષની જેમ દિવાળી પછી સંસ્થાના માધ્યમ દ્વારા જ્ઞાતિજનોની મિલન-મુલાકાત અને સમુહ ભોજન સાથે મિલાપ થઈ શકે. સમુહ ભોજનના પાસ તા. ૪-૧૧-૨૨ સુધીમાં સંસ્થાના કાર્યાલય ઉપર થી શ્રી પ્રાણશંકરભાઈ હોલમાંથી ઓફિસ સમય દરમ્યાન મેળવી લેવાના રહેશે.

### ચોથું નોરતું

છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીને કારણે ગરબાનું આયોજન થઈ શકતુ નહોતુ. ચાલુ વર્ષે ચોથા નોરતાના ગરબાનું આયોજન શ્રી બળવંતરાય હોલમાં રાખવામાં આવેલ. આ ગરબામાં જ્ઞાતિજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

### ફી સહાય

ધો ૧ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના બેંક ખાતામાં ફી સહાય પહોંચાડી દેવામાં આવેલ છે. સૌ વાલીઓ પોતાના વિદ્યાર્થીના પૈસા જમા થયા કે નહી તેની પાસબુક ભરાવી ખાત્રી કરી લે જો જમા ન થયા હોય તો તા. ૧-૧૧-૨૨ પછી સંસ્થાના કાર્યાલયનો સંપર્ક કરે સંપર્ક કરવા આવે ત્યારે પાસબુક ભરાવીને સાથે લેતા આવવું જરૂરી છે તેમજ આપેલ પહોંચ પણ સાથે લાવવી જરૂરી આવશ્યક છે.

### વાર્ષિક સામાન્ય સભા

ઉપરોક્ત સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૬-૧૦-૨૨૨ના રોજ યોજવામાં આવી હતી. જેમાં કોરોના મહામારીને કારણે અને સરકારશ્રીના રીસ્ટ્રીક્શનના કારણે છેલ્લા બે વર્ષથી સામાન્ય સભા યોજી શકતા ન હતા. ચાલુ વર્ષે છેલ્લા ત્રણ વર્ષના હિસાબો મંજુર કરવામાં આવ્યા તેમજ સાત સભ્યો જે રીટાયર્ડ તથા હતા તેમના સ્થાને નવા સાત સભ્યોની નિમણૂંક સર્વાનુમતે થયી જેમાં (૧) શ્રી તરલ એમ. ભટ્ટ (૨) હેતલ બી. ભટ્ટ (3) હિતેષ એચ. પંડ્યા (૪) મિલિંદ એ. ડણાક (૫) ભાસ્કરભાઈ એચ. પંડ્યા (૬) ગીનીબેન પંડ્યા (૭) તૃપ્તીબેન જે. શેલત

આમ ઉપરોક્ત સાત સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી.

સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભનિષ્ઠા સાથે નવા વરાયેલા કાર્યકરોએ કામ કરવાની ખેવના બતાવી.

### અન્નપૂર્ણા સહાય યોજના

(૧) રૂ. ૫૦૦/- સ્વ. હરીવદનભાઈ સી. ત્રિવેદીના સ્મરણાર્થે હસ્તે શ્રી મૃદુલાબેન હરીવદનભાઈ ત્રિવેદી તરફથી

**વિધવા – ત્યક્તા – વિધુર સહાય યોજના**

(૧) રૂ. ૭૫૦૦/– સ્વ. દેવીપ્રસાદ ચુનીલાલ દવે તથા સ્વ. લીલાબેન દેવીપ્રસાદ દવે તથા સ્વ. હર્ષાબેન અનિલકુમાર પંડ્યાના સ્મરણાર્થે હસ્તે શ્રી ઉપેન્દ્રભાઈ દેવીપ્રસાદ દવે તરફથી

**કમલેશ જે. ભટ્ટ** — **તરલ (રાકેશ) એમ. ભટ્ટ/હેતલકુમાર બી. ભટ્ટ**

**પ્રમુખ** — **મંત્રી**

## શ્રીમતી કમળાબેન જમીયતરામ પંડ્યા તથા
## શ્રી જમીયતરામ દયાશંકર પંડ્યા ટ્રસ્ટ ફંડ

(શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ સંચાલિત) શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

તા. ૧૫–૧૧–૨૨ થી ઉપરોક્ત ટ્રસ્ટના ફોર્મ વિતરણ કરવામાં આવનાર છે. શૈક્ષણિક ટ્રસ્ટ ફંડમાંથી સ્કોલરશીપ મેળવવા માટેના આવેદનપત્રોની સમયમર્યાદા તા. ૧–૧૨–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨ છે. જેની નોંધ લેવા વિનંતી છે. આ અંગેની વિગતવાર માહિતી નીચ મુજબ છે. નવા ફોર્મમાં અરજી કરવી.

જ્ઞાતિજનોના સંતાનોની શૈક્ષણિક કારકિર્દી માટે આર્થિક સહાય યોજનાલક્ષી માહિતી શ્રીમતી કમળાબેન જમીયતરામ પંડ્યા તથા જમીયતરામ દયાશંકર પંડ્યા ટ્રસ્ટ ફંડ ખાસ નર્સિંગ કોર્ષ માટે ઉપરોક્ત ટ્રસ્ટ ફંડમાં નર્સિંગનો કોર્ષ ઉમેરવામાં આવેલ છે તો જે વિદ્યાર્થીઓ નર્સિંગમાં અભ્યાસ કરતા હોય અને જણાવેલ આવકના ધારાધોરણમાં આવતા હોય તેઓએ અચૂક આ ફોર્મ મેળવી લેવા. ઉપરાંત ઉપરોક્ત ફાઉન્ડેશનમાંથી નીચે જણાવેલ ડીગ્રી–ડિપ્લોમાં તેમજ વ્યાવસાયિક કોર્સમાં અભ્યાસ કરતા માત્ર અમદાવાદમાં જ રહેતા જ્ઞાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. આ માટે વિદ્યાર્થીના કુટુંબની કુલ વાર્ષિક આવક રૂ.૨,૦૦,૦૦૦/– થી ઓછી હોવી જોઈએ. તેમજ વિદ્યાર્થીએ ડીપ્લોમાં કોર્સ અને ડીગ્રી કોર્સ અને ડીગ્રી કોર્સ માટે ધો.૧૦માં, ધો. ૧૨માં તથા અનુસ્નાતક કોર્સ માટે સ્નાતકની પરીક્ષામાં ઓછામાં ઓછા ૪૫% માર્કસ મેળવેલ હોવા જોઈએ. આ અંગે શ્રી પ્રાણશંકરભાઈ હોલ ઉપરથી નવા છાપેલા અરજીપત્રક મેળવી જરૂરી વિગતો સાથે તા. ૩૧–૧૨–૨૦૨૨ સુધીમાં મંડળની ઓફિસે મોકલી આપવાનાં રહેશે. અધૂરી વિગતોવાળા અરજી નામંજૂર કરવામાં આવશે.

(૧) ઈન્ફર્મેશન ટેકનોલોજી (૨) એન્વાયરમેન્ટ ટેકનોલોજી (૩) વોટર મેનેજમેન્ટ (૪) કોમ્પ્યુટર એપ્લી. સાયન્સ (૫) ટેક્ષટાઈલ ટેકનોલોજી (૬) મીકેનીકલ, ઈલેક્ટ્રીકલ, સીવીલ એન્જીનીયરીંસ (૭) ફાઉન્ડ્રી ટેકનોલોજી (૮) કેમિકલ ટેકનોલોજી (૯) ઈલેક્ટ્રોનિકસ ઇન્સ્ટુમેન્ટેશન (૧૦) પ્લાસ્ટિક એન્જીનીયરીંગ (૧૧) ઓટો મોબાઈલ એન્જીનીયરીંગ (૧૨) પ્રિન્ટીંગ ટેકનોલોજી (૧૩) હોટલ મેનેજમેન્ટ (૧૪) નર્સિંગ એન્ડ મીડવાઈફ આ ઉપરાંત અન્ય ટેકનીકલ કે વ્યાવસાયિક અભ્યાસક્રમોને ધ્યાનમાં લેવાશે.

**બી.એ., બી.કોમ., બી.એસ.સી. તથા હાઈસ્કૂલમાં ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અરજી કરવી નહીં. એટીકેટી કે બ્લોક ક્લીયર ન હોય તેવા વિદ્યાર્થીઓએ અરજી કરવી નહીં.**

**– અશોકભાઈ એમ. મહેતા (ચેરમેન)**

## શ્રી પ્રાણલાલ વ્રજલાલ દવે ટ્રસ્ટ ફંડ (દવે ફાઉન્ડેશન)

*(શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ સંચાલિત) શ્રી પ્રાણશંકરભાઈ હોલ,*

*પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦*

*ઉપરોક્ત ફાઉન્ડેશનમાંથી નીચે જણાવેલ ડીગ્રી–ડિપ્લોમાં તેમજ વ્યાવસાયિક કોર્સમાં અભ્યાસ કરતા અમદાવાદ, ખેડા, નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત જિલ્લાઓમાં રહેતા અને અભ્યાસ કરતાં જ્ઞાતિના વિદ્યાર્થીઓ–વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. આ માટે વિદ્યાર્થીના કુટુંબની કુલ વાર્ષિક આવક રૂ.૨,૦૦,૦૦૦/– થી ઓછી હોવી જોઈએ. તેમજ વિદ્યાર્થીએ ડીપ્લોમાં કોર્સ અને ડીગ્રી કોર્સ માટે ધો.૧૦ અને ધો. ૧૨માં ઓછામાં ઓછા ૪૫% માર્કસ મેળવેલ હોવા જોઈએ. આ અંગે શ્રી પ્રાણશંકરભાઈ હોલ તેમજ ઉપર જણાવેલ શહેરોના જ્ઞાતિમંડળોના પ્રમુખશ્રીઓ પાસેથી નવા છાપેલા અરજીપત્રક મેળવી જરૂરી વિગતો સાથે તા. ૩૧–૧૨–૨૦૨૨ સુધીમાં મંડળની ઓફિસે મોકલી આપવાનાં રહેશે. અધૂરી વિગતોવાળા અરજી નામંજૂર કરવામાં આવશે. (૧) ઈન્ફર્મેશન ટેકનોલોજી (૨) એન્વાયરમેન્ટ ટેકનોલોજી (૩) વોટર મેનેજમેન્ટ (૪) કોમ્પ્યુટર એપ્લી. સાયન્સ (૫) ટેક્ષટાઈલ ટેકનોલોજી (૬) મીકેનીકલ, ઈલેક્ટ્રીકલ, સીવીલ એન્જીનીયરીંગ (૭) ફાઉન્ડ્રી ટેકનોલોજી (૮) કેમિકલ ટેકનોલોજી (૯) ઈલેક્ટ્રોનિકસ ઇન્સ્ટ્રુમેન્ટેશન (૧૦) પ્લાસ્ટિક એન્જીનીયરીંગ (૧૧) ઓટો મોબાઈલ એન્જીનીયરીંગ (૧૨) પ્રિન્ટીંગ ટેકનોલોજી (૧૩) હોટલ મેનેજમેન્ટ (૧૪) નર્સિંગ એન્ડ મીડવાઈફ આ ઉપરાંત અન્ય ટેકનીકલ કે વ્યાવસાયિક અભ્યાસક્રમોને ધ્યાનમાં લેવાશે. અધુરી વિગતો તેમજ ખોટી માહિતીવાળી અરજીઓ કોઈપણ જાણ કર્યા વગર નામંજુર કરવામાં આવશે.* ***એ.ટી.કે.ટી. કે બ્લોક કલીયર ન હોય તેવા વિદ્યાર્થીઓએ અરજી કરવી નહીં. નવા ફોર્મમાં અરજી કરવી. બી.એ., બી.કોમ., બી.એસ.સી. તથા હાઈસ્કૂલમાં ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અરજી કરવી નહીં.***

*ઉપરોક્ત ફાઉન્ડેશનના લઘુઉદ્યોગ ફંડની વ્યાજની આવકમાંથી જ્ઞાતિની વિધવા, ત્યક્તા કે છૂટાછેડા આપેલ બહેનોના બાળકોને તેમજ માતા–પિતા વિનાના અનાથ બાળકોને શૈક્ષણિક સહાય આપવામાં આવનાર છે. આ યોજના હેઠળ સરકાર માન્ય શાળાના ધોરણ ૧૦ થી ૧૨માં તેમજ પોલીટેકનીક કે અન્ય કોઈ સરકાર માન્ય તાલિમી સંસ્થામાં ટેકનીકલ કે વ્યવસાયિક સર્ટિફિકેટ કે ડિપ્લોમાં કોર્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓને લાભ આપવામાં આવશે. આ યોજના અમદાવાદ, ખેડા, આણંદ, વડોદરા, ભરૂચ અને સુરત જિલ્લાઓના ગામોના જ્ઞાતિજનો માટે છે. આ અંગેના અરજી તેમજ નિયમોના ફોર્મ મંડળની ઓફિસેથી અથવા ગામેગામના પ્રમુખ પાસેથી મેળવી લઈ તા. ૩૧–૧૨–૨૦૨૨ સુધીમાં મંડળના સરનામે અમદાવાદ મોકલવાના રહેશે. અધૂરી વિગતો તેમજ ખોટી માહિતીવાળી અરજીઓ કોઈપણ જાણ કર્યા વગર નામંજૂર કરવામાં આવશે ધો. ૧ થી ૧૨ તેમજ ઉપર દર્શાવ્યા સિવાયના ડીગ્રી કોર્સ માટે કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ સહાયને પાત્ર નથી.*

**– અશોકભાઈ એમ. મહેતા (ચેરમેન)**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ

ઓફિસ – શ્રી નિર્મળાબેન જે. દેસાઈ, "મંગલમ સ્ટોર્સ", ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ. ફોન – ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

**અગિયારસ વ્રત્ ઉદ્યાપન**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા આગામી તા. ૩–૧૨–૨૦૨૨ને શનિવારના રોજ અગિયારસ વ્રત ઉદ્યાપનની ધાર્મિક વિધી ગુરૂદેવશ્રી ચંદ્રકાંતભાઈ દ વે દ્વારા કરાવવામાં આવશે. જે ભાઈ–બહેનોને આ વિધીમાં ભાગ લેવાનો હોય તેમણે ઉપરોક્ત મોબાઈલ નંબર ઉપર પોતાના નામ અને પૈસા સમયસર પહોંચતા કરી દેવા. વ્યક્તિ દીઠ રૂ. ૧૫૧/– ભરવાના રહેશે.

**અન્નપૂર્ણા સહાય યોજના**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત ઉમરેઠ–ડાકોર સ્થિત જ્ઞાતિના જરૂરીયાત મંદ ભાઈ–બહેનોને દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી પહોંચતી કરવામાં આવે છે. આ માટે અમોને સમાજના ઉદાર દાતાશ્રીઓ તરફથી સતત દાન–ફંડ મળતા રહે છે. તેઓ સર્વશ્રીનો અમો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ વખતે અમોને નીચે મુજબના દાન–ફંડ મળેલા છે.

(૧) શ્રી દિપેશભાઈ દવે રૂ. ૧૫૦૦/– (૨) શ્રી વત્સલભાઈ કોટડીયા રૂ. ૧૫૦૦/– (૩) શ્રી હર્ષદરાય ચંદુલાલ કોટડીયા રૂ. ૧૫૦૦/– (૪) શ્રી પ્રણવભાઈ રાજેન્દ્રભાઈ દવે રૂ. ૧૪૦૦૦/– (૫) શ્રી પ્રશાંતભાઈ નિતિનચંદ્ર ભટ્ટ રૂ. ૫૦૦૦/– (૬) શ્રી સરોજબેન જી. દવે રૂ. ૧૦,૦૦૦/– (૭) શ્રી વિજયાબેન ડી. દવે તથા દેવેન્દ્રપ્રસાદ દવે રૂ. ૩૦,૦૦૦/– (૮) સ્વ. શ્રી મંજુલાબેન પી. ઠાકર રૂ. ૫૦૦૦/– (૯) સ્વ. શ્રી ભાનુબેન રસીકલાલ દેસાઈના સ્મરણાર્થે હસ્તે પૌલોમી દેસાઈ રૂ. ૫૦૦૦/– (૧૦) શ્રી દર્શનાબેન અશોકભાઈ ભટ્ટ રૂ. ૫૦૦/– (નવરાત્રી ભેટ) (૧૧) શ્રી નયનાબેન અરૂણભાઈ શેલત રૂ. ૨૦૦૦/– (નવરાત્રી ભેટ) (૧૨) શ્રી રીટાબેન સંજયભાઈ શેલત રૂ. ૨૦૦૦/– (નવરાત્રી ભેટ) (૧૩) શ્રી દીલીપભાઈ અચરતલાલ પંડ્યા રૂ. ૧૦૦૦/– (૧૪) શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ રૂ. ૫૦૦/– (નવરાત્રી ભેટ) (૧૫) શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ રૂ. ૧૦૦૧/– (નવરાત્રી ભેટ) (૧૬) શ્રી ઈન્દીરાબેન ડી. દવે રૂ. ૫૦૦૦/– (નવરાત્રી ભેટ) (૧૭) શ્રી સુધાબેન શેલત રૂ. ૫૧૦૦/– (સુવર્ણ જયંતી ભેટ)

**એજ્યુકેશન ફંડ**

(૧) શ્રી યોગેશભાઈ ત્રિવેદી, શ્રી વાસુદેવભાઈ ત્રિવેદી, શ્રી ગીતાબેન ત્રિવેદી તરફથી શ્રી મેઘાબેન ત્રિવેદીના એમ.બી.બી.એસ. થવા નિમિત્તે રૂ. ૨૧૦૦૦/– (૨) શ્રી મેહુલભાઈ ગીરીશચંદ્ર ત્રિવેદી રૂ. ૨૫૦૦૦/–

**મંત્રીશ્રી** — **બેલાબેન દેસાઈ / ભોપીબેન ભટ્ટ**

**પ્રમુખ** — **કલ્પનાબેન ખંભોળજા**

નામ : કુ. અદીતી ઉમેશ દવે ઊંચાઈ : ૫'–૨'' વજન : –
જન્મતારીખ : ૦૧–૦૯–૧૯૯૬ જન્મસ્થળ : અમદાવાદ જન્મસમય : ૦૬.૧૬ સવારે
અભ્યાસ : એમ.એસ.સી. (ફીઝીક્સ) પી.એચ.ડી. અભ્યાસ ચાલુ છે.
મૂળવતન : નંદુરબાર (મહારાષ્ટ્ર) વ્યવસાય : –
માસિક આવક : –
ગોત્ર : પૌનસ
રાશિ : મીન
નક્ષત્ર : રેવતી
નાડી : અંત્ય
માતાનું નામ : જીજ્ઞાસા ઉમેશ દવે
ભાઈ/બહેન : ૨–બહેનો
પિતાનું નામ : ઉમેશ અનિરૂદ્ધભાઈ દવે
સરનામું : મંગળ ભુવન સામે, જૈન મંદિર પાસે, ગણપતી મંદિર રોડ, નંદુરબાર, મહારાષ્ટ્ર
ફોન/મોબાઈલ : ૯૮૩૪૨૭૨૨૧૭, ૯૮૨૨૬૬૭૯૨૯




---

નામ : કુ. ઉન્નતિ જયેશકુમાર શુક્લ ઊંચાઈ : ૫'–૪'' વજન : ૪૮ કિલો
જન્મતારીખ : ૨૬–૧૧–૧૯૯૬ જન્મસ્થળ : અમદાવાદ જન્મસમય : ૦૫.૩૭ સવારે
અભ્યાસ : બી.કોમ., એમ.કોમ., ફર્સ્ટ કલાસ, સી. એ. ફાઈનલ અભ્યાસ ચાલુ (ઈન્ટર સી.એ.)
મૂળવતન : ઊંડીશેરી, આણંદ વ્યવસાય : બીઝનેસ–ગણેશ એન્ટપ્રાઈઝ કેમીકલ્સ હોલ સેલર
માસિક આવક : –
ગોત્ર : ગૌતમસ
રાશિ : વૃષભ
નક્ષત્ર : રોહિણી
નાડી : અંત્ય
માતાનું નામ : દર્શનાબેન જયેશકુમાર શુક્લ
ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત
પિતાનું નામ : જયેશકુમાર રસિકલાલ શુક્લ
સરનામું : એ–૪૦૩, શાંતિ પૂજ્ય હોમ્સ, કટારીય મારૂતિ શો રૂમ પાસે, સિલ્વર સ્ટાર ચાર રસ્તા, ચાંદલોડિયા, અમદાાદ–૩૮૨૪૮૧
ફોન/મોબાઈલ : ૯૩૭૬૫૬૯૨૧૨, ૭૦૪૧૫૧૧૭૩૫
નોંધ : મંગળ–શનિ દોષ નથી



| | | |
|---|---|---|
| Name | : | Dr. Hetal Bharatkumar Bhatt |
| Height | : | 5‘-3’’ |
| Weight | : | 54 Kg. |
| Birth Date | : | 05-03-1993 |
| Birth Time | : | 05.05 p.m. |
| Birth Place | : | Anaheim, California, U.S.A. |
| Education | : | Medicine, 2nd Year Residency |
| Profession | : | - |
| Monthly Income | : | - |
| Native Place | : | |
| Mother Name | : | Leenaben Bharatkumar Bhatt |
| Borther/Sisters | : | 1-Unmarried |
| Maternal Place | : | Umreth |
| Father | : | Bharatkumar Rajendraprasad Bhatt |
| Address | : | - |
| Mobile No. | : | 714-814-0282, 714-814-0283 |
| E-mail | : | bhattji1960@gmail.com, leenabhatt67@gmail.com |
| Choice | : | Well Educated, Family Oriented, Dharmik Preferably Form USA or CANADA |
| Note | : | |
| Gotra | : | Chitralashya |
| Nakshatra | : | Ashlesha |
| Rashi | : | Kark |
| Nadi | : | Antya |
| Gan | : | - |
| Varna | : | Bhrahman |
| Yoni | : | Majar |
| Varg | : | - |



| | | |
|---|---|---|
| નામ | : | કુ. દેવાંશી હેતલકુમાર ભટ્ટ |
| ઊંચાઈ | : | ૫'–૫'' |
| વજન | : | ૫૦ કિગ્રા |
| જન્મ તારીખ | : | ૦૩–૦૬–૧૯૯૪ |
| જન્મ સમય | : | ૦૩.૫૨ સવારે |
| જન્મ સ્થળ | : | નડિયાદ |
| અભ્યાસ | : | B.Com., M.Com., Diploma in EXIM |
| વ્યવસાય | : | Service in Bodal Chemicals Pvt. Ltd. as Asst. Manager (International Marketing) |
| માસિક આવક | : | – |
| મૂળ વતન | : | ઉમરેઠ |
| માતાનું નામ | : | વૈશાલી હેતલકુમાર ભટ્ટ |
| ભાઈ/બહેન | : | ભાઈ–નથી, ૧–બહેન–પરણિત |
| મોસાળ | : | સ્વ. મનહરલાલ મગનલાલ શુકલ,<br>ગં.સ્વ. સરલાબેન મનહરલાલ શુકલ (હાલ ઓસ્ટ્રેલિયા),<br>શ્રી મૌલેશ મનહરલાલ શુકલ (હાલ ઓસ્ટ્રેલિયા)<br>ડી–૬૧, પુરુષોત્તમનગર, નડીયાદ (મો.) ૦૦–૬૧૪૩૩૧૦૫૫૬૬ |
| પિતા | : | હેતલકુમાર ભાસ્કરભાઈ મણીલાલ ભટ્ટ |
| સરનામું | : | "માતૃકૃપા", ૭, કંચનનગર સોસાયટી, ગોલ્ડકોઈન એપાર્ટ. પાછળ, મણીયાસા કોર્નર પાસે, મણીનગર (પૂર્વ), અમદાવાદ |
| ફોન નં. | : | ૦૭૯–૨૨૭૨૦૬૩૯ |
| મોબાઈલ નં. | : | ૯૯૧૩૮૮૬૪૧૫, ૯૯૭૯૯૦૦૪૨૫ |
| ઈ–મેઈલ | : | hbbhatt@gmail.com |
| પસંદગી | : | કૌટુંબિક ભાવના, સમકક્ષ અભ્યાસ, નિર્વ્યસની |
| જ્ઞાતિ પસંદગી | : | બાજખેડાવાળ – સ્વીકાર્ય, અન્ય બ્રાહ્મણ – સ્વીકાર્ય<br>અન્ય જ્ઞાતિ – અસ્વીકાર્ય |
| ગોત્ર | : | ચિત્રાણસ |
| નક્ષત્ર | : | ઉત્તરા ભાદ્રપદ (૨) |
| રાશિ | : | મીન |
| નાડી | : | મધ્ય |
| ગણ | : | મનુષ્ય |
| વર્ણ | : | વિપ્ર (બ્રાહ્મણ) |
| યોનિ | : | ગૌ |
| વર્ગ | : | – |



નામ : ચિ. કૃણાલકુમાર પંડ્યા    ઊંચાઇ : ૫'–૧૧''  વજન : ૭૫ કિલો

જન્મતારીખ : ૦૨–૦૨–૧૯૯૬    જન્મસ્થળ : મોડાસા    જન્મસમય : ૧૧.૪૧ સવારે

અભ્યાસ : એમ.એસ.સી. માઇક્રોબાયોલોજી, ડીપ્લોમાં ફૂડ સાયન્સ ટેકનોલોજીમાં (કેનેડા)

મૂળવતન : આણંદ    વ્યવસાય : જોબ ટોરેન્ટો (કેનેડા)

માસિક આવક : –

ગોત્ર : વચ્છસ

રાશિ : મિથુન

નક્ષત્ર : પૂનર્વસુ

નાડી : આદ્ય

માતાનું નામ : મનીષાબેન પંડ્યા

ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત

પિતાનું નામ : વિરંચિકુમાર રઘુનંદન પડ્યા




સરનામું : પટેલ કોલોની, મહેન્દ્ર શાહ હોસ્પિટલ પાછળ, પાયોનિયર સ્કૂલ સામે, આણંદ–૩૮૮૦૦૧

ફોન/મોબાઈલ : ૯૯૭૪૫૪૫૮૨૩ (મનીષા), ૮૧૨૮૬૭૫૮૨૧, ૯૪૨૭૫૩૦૬૪૭ (દાદાજી)

નોંધ : જાન્યુઆરી ૨૦૨૩માં આવે છે.

---

નામ : ચિ. ચિંતન કલ્પેશભાઈ દવે    ઊંચાઇ : ૫'–૫''  વજન : ૫૫ કિલો

જન્મતારીખ : ૩૧–૦૫–૧૯૯૭    જન્મસ્થળ : અમદાવાદ    જન્મસમય : ૦૩.૦૫ બપોરે

અભ્યાસ : બી.ઈ. (મિકેનિકલ)

મૂળવતન : વસો    વ્યવસાય : નોકરી–શિવા ફાર્માફિમ લિ.

માસિક આવક : રૂ. ૨૨,૦૦૦/–

ગોત્ર : લંકાનસ

રાશિ : મીન

નક્ષત્ર : ઉત્તરા ભાદ્રપદ

નાડી : મધ્ય

માતાનું નામ : તેજલબેન કલ્પેશભાઈ દવે

ભાઈ/બહેન : ૧–બહેન–અપરણિત

પિતાનું નામ : કલ્પેશભાઈ પ્રદ્યુમનભાઈ દવે




સરનામું : એચ–૬૮/૬૯, યોગીદર્શન ડુપ્લેક્ષ, માંજલપુર ટાઉનશીપ નં–૨ની સામે, માંજલપુર, વડોદરા–૩૯૦૦૧૧

ફોન/મોબાઈલ : ૯૪૨૬૭૪૭૫૨૧, ૯૪૨૬૯૮૧૨૭૪

નોંધ : મંગળ છે.

નામ : ચિ. નિશાંત મનીષકુમાર દવે ઊંચાઈ : ૫'–૬'' વજન : ૬૮ કિલો
જન્મતારીખ : ૧૨–૦૯–૧૯૯૪ જન્મસ્થળ : અમદાવાદ જન્મસમય : ૦૯.૦૫ સવારે
અભ્યાસ : CA, M.Com, Diploma in IFRS (ACCA-UK)
મૂળવતન : આણંદ વ્યવસાય : –
માસિક આવક : –




ગોત્ર : વચ્છસ
રાશિ : વૃશ્ચિક
નક્ષત્ર : જયેષ્ઠા
નાડી : આધ્ય
માતાનું નામ : કિરણબેન દવે
ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત
પિતાનું નામ : મનીષકુમાર દવે
સરનામું : સી–૫૦૨, મહાદેવ એલિગન્સ, આનંદ એલિગન્સ પાસે, બ્લુબેલ ઓફિસ સામે, કર્ણાવતી કલબ રોડ, સાઉથ–બોપલ–શેલા, અમદાવાદ–૩૮૦૦૫૮
ફોન/મોબાઈલ : ૯૧૭૩૧૪૮૫૫૬, ૭૪૯૫૮૨૮૨૯૩

---

નામ : ચિ. આદિત્ય વિજયશંકર ભટ્ટ ઊંચાઈ : ૫'–૯'' વજન : ૬૮ કિલો
જન્મતારીખ : ૦૬–૧૨–૧૯૯૨ જન્મસ્થળ : વડોદરા જન્મસમય : ૨૩.૫૫ રાત્રે
અભ્યાસ : એમ.એ. (મુંબઈ) એમ.બી.એ. (સીડની–ઓસ્ટ્રેલિયા)
મૂળવતન : અમદાવાદ વ્યવસાય : સર્વિસ (સીડની ઓસ્ટ્રેલિયા)
માસિક આવક : ૪૦૦૦ ઓસ્ટ્રેલીયન ડોલર




ગોત્ર : ચિત્રાનસ
રાશિ : મેષ
નક્ષત્ર : અશ્વિની
નાડી : આધ્ય
માતાનું નામ : રશ્મિબેન ભટ્ટ
ભાઈ/બહેન : ૧–બહેન–પરણિત
પિતાનું નામ : વિજયશંકર ભટ્ટ
સરનામું : એચ–૯૨, સચીન ટાવર, ૧૦૦ ફીટ આનંદનગર રોડ, સેટેલાઈટ, અમદાવાદ–૧૫
ફોન/મોબાઈલ : ૬૩૫૩૭૦૭૪૦૩ (વોટ્સએપ) ૮૫૧૧૭૯૦૯૨૩ (વોટ્સએપ)

નામ : ચિ. તેજસ અક્ષયકુમાર શુકલ ઊંચાઈ : ૫'–૯'' વજન : ૭૫ કિલો

જન્મતારીખ : ૨૩–૦૭–૧૯૯૬ જન્મસ્થળ : ઉમરેઠ જન્મસમય : ૦૭.૧૩ સાંજે

અભ્યાસ : બી.ઈ. (આ.ટી.) (ઈન્ફર્મેશન ટેકનોલોજી)

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : માસ્ટર ડીગ્રી માટે યુ.કે.

માસિક આવક : –

ગોત્ર : પૌનસ્ય

રાશિ : તુલા

નક્ષત્ર : ચિત્રા

નાડી : –

માતાનું નામ : સ્વ. જીજ્ઞાષા અક્ષયકુમાર શુકલ

ભાઈ/બહેન : નથી

પિતાનું નામ : અક્ષયકુમાર નીલકંઠરાય શુકલ

સરનામું : ૨૧–એ, વિવેકાનંદનગર, આણંદ–વિદ્યાનગર રોડ, ગોલ્ડ સિનેમા પાસે, આણંદ–૩૮૮૦૦૧

ફોન/મોબાઈલ : ૯૮૨૪૯૧૫૧૫૯




નામ : ચિ. પ્રણવ પ્રકાશકુમાર દવે ઊંચાઈ : ૫'–૭'' વજન : ૭૦ કિલો

જન્મતારીખ : ૨૧–૦૭–૧૯૯૬ જન્મસ્થળ : નડિયાદ જન્મસમય : ૧૧.૦૮ સવારે

અભ્યાસ : બી.ઈ. ઈલેક્ટ્રીકલ એન્જી., માસ્ટર ઈન પ્રોજેક્ટ મેનેજમેન્ટ –લંડન (યુ.કે.)

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : જોઈ ઈન લંડન (યુ.કે.)

માસિક આવક : –

ગોત્ર : કૌશિક

રાશિ : કન્યા

નક્ષત્ર : ઉ.ફાલ્ગુની

નાડી : આદ્ય

માતાનું નામ : ઉર્વશીબેન પ્રકાશકુમાર દવે

ભાઈ/બહેન : ૧–બહેન

પિતાનું નામ : પ્રકાશકુમાર મધુસુદનભાઈ દવે

સરનામું : ૩૮, શ્રીજીબાપા, અપેક્ષા પાર્ક સોસાયટી, એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ મંદિર પાસે, ઈસ્કોન મંદિર રોડ, વડોદરા–૩૯૦૦૦૭

ફોન/મોબાઈલ : ૯૮૨૪૩૩૯૧૯૪, ૯૪૦૮૧૪૯૬૦૮



નામ : ચિ. કૌશલ જયેશકુમાર શુક્લ ઊંચાઈ : ૫'–૬'' વજન : ૫૬ કિલો
જન્મતારીખ : ૨૦–૧૧–૧૯૯૪ જન્મસ્થળ : અમદાવાદ જન્મસમય : ૦૪.૫૫ સવારે
અભ્યાસ : બી.કોમ. ફર્સ્ટ કલાસ, એમ.એ.સી.આઈ.ટી. –૧ વર્ષ અભ્યાસ
મૂળવતન : ઊંડીશેરી, આણંદ વ્યવસાય : બીઝનેસ–કેમીકલ્સ હોલસેલર, એક્ષપોર્ટ
માસિક આવક : રૂ. ૮૦૦૦૦/–
ગોત્ર : ગૌતમસ
રાશિ : વૃષભ
નક્ષત્ર : રોહિણી
નાડી : અંત્ય
માતાનું નામ : દર્શનાબેન જયેશકુમાર શુક્લ
ભાઈ/બહેન : ૧–અજર્દ–અપરણિત
પિતાનું નામ : જયેશકુમાર રસિકલાલ શુક્લ
સરનામું : એ–૪૦૩, શાંતિ પૂજ્ય હોમ્સ, કટારીય મારૂતિ શો રૂમ પાસે, સિલ્વર સ્ટાર ચાર રસ્તા, ચાંદલોડિયા, અમદાાદ–૩૮૨૪૮૧
ફોન/મોબાઈલ : ૯૩૭૬૫૬૯૨૧૨, ૭૦૪૧૫૧૧૭૩૫
નોંધ : મંગળ–શનિ દોષ નથી




## શ્રી બાજખેડાવાળ મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. (મો.) ૯૨૬૫૯૦૯૪૯૩

શ્રી બાજખેડાવાળ મંડળ આણંદ દ્વારા ચાલુ સાલે શરદોત્સવ ગરબાનું આયોજન કરવામાં આવ્યું જ્ઞાતિસમાજના ઘણા બધાં ભાઈઓ–બહેનોએ ભાગ લીધો. જ્ઞાતિસમાજ દ્વારા કાયમી નક્કી થયા મુજબ સંગીત–ખુરશી અને ગરબાના વિવિધ ઈનામો આપવામાં આવ્યા. સંસ્થાને રૂ. ૩૫૦૦/– ઈનામો માટે હર્ષાબેન મુકેશભાઈ દવે તરફથી, રૂ. ૨૫૦૦/– ધન્વી રૂચિર દવે તથા રૂ. ૨૫૦૦/– ભાનુપ્રસાદ છોટાલાલ દવે તરફથી શરદોત્સવ પેટે આપવામાં આવ્યા સમગ્ર પ્રોગ્રામનું ભોજન સંસ્થાના કાયમી કેટરર્સ દ્વારા વિનામૂલ્યે પૂરું પાડવામાં આવ્યું. સંસ્થા સૌનો આભાર માને છે. નિર્ણાયક તરીકે રંજનાબેન દવેના પણ આ તબક્કે આભારી છીએ.

**કિરીટકુમાર દવે** — **ફાલ્ગુનભાઈ ઠાકર**
**પ્રમુખશ્રી** — **મંત્રીશ્રી**

**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

| | | |
|---|---|---|
| નામ | : | ચિ. મેહુલ મુકેશભાઈ શેલત |
| ઊંચાઈ | : | ૫'–૭'' |
| વજન | : | ૬૦ કિલો |
| જન્મ તારીખ | : | ૦૭–૦૬–૧૯૯૨ |
| જન્મ સમય | : | ૧૧.૩૦ કલાકે |
| જન્મ સ્થળ | : | વોલઓલ (યુ.કે.) |
| અભ્યાસ | : | માસ્ટર ઈન ઈન્ફર્મેશન ટેકનોલોજી |
| વ્યવસાય | : | નોકરી |
| માસિક આવક | : | – |
| મૂળ વતન | : | ઉમરેઠ |
| માતાનું નામ | : | ભારતીબેન મુકેશભાઈ શેલત |
| ભાઈ/બહેન | : | ૧–બહેન–પરણિત |
| મોસાળ | : | સ્વ. સુરેશચંદ્ર જોષી, અંબામાતાની પોળ, ઉમરેઠ |
| પિતા | : | મુકેશભાઈ ભાનુપ્રસાદ શેલત |
| સરનામું | : | ૨૫, વેકનેસલરી રોડ, વોલસોલ વેસ્ટ મીકલેન્ડ, યુ.કે. WS73R4 |
| ફોન નં. | : | ૦૦૪૪–૧૯૨૨–૭૨૧૪૩૫ |
| મોબાઈલ નં. | : | +૪૪–૭૪૬૫–૪૧૭૪૮૭, +૪૪–૭૯૪૬–૦૯૭૩૩૬ |
| ઈ–મેઈલ | : | – |
| સંપર્ક | : | શરદકુમાર શેલત (કાકા) |
| સરનામું | : | ૧૯, વિક્રમ સોસાયટી, ગોત્રી રોડ, વડોદરા |
| ફોન નંબર | : | ૦૨૬૫–૨૩૭૧૨૨૬, ૯૯૭૯૭૩૨૯૬૬ |
| પસંદગી | : | સુશિક્ષીત, સંસ્કારી, સારી, કુટુંબ ભાવના વાળી |
| નોંધ | : | – |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | ઉપમન્યુ |
| નક્ષત્ર | : | મૂળ |
| રાશિ | : | સિંહ |
| નાડી | : | મધ્ય |
| ગણ | : | મનુષ્ય |
| વર્ણ | : | ક્ષત્રિય |
| યોનિ | : | ઉંદર |
| વર્ગ | : | – |



| | | |
|---|---|---|
| Name | : | Chi. Nilay Piyushkumar Dave (Canada PR) |
| Height | : | 5’-5’’ |
| Weight | : | 75 Kg. |
| Birth Date | : | 08-06-1990 |
| Birth Time | : | 11.05 p.m. |
| Birth Place | : | Anand, Gujarat, India |
| Education | : | MBA, B.E. Civil |
| Profession | : | Job@RBC Bank (Toronto, Canada) |
| Monthly Income | : | 80,000/- CAD / Year |
| Native Place | : | |
| Mother Name | : | Lat Rita Piyushkumar Dave |
| Borther/Sisters | : | 1-Brother-Married |
| Maternal Place | : | Late Jayantilal Devshankar Shelat<br>(Pat Street, Umreth) |
| Paternal Details | : | Late Chhotalal Umiashankar Dave |
| Father | : | Piyushkumar Chhotalal Dave |
| Address | : | India - 6, Shri Hari Avenue, Old Mogri Road,<br>Anand-388001, Gujarat, India<br>Canada - 2331-700 Humberwood Blvd.,<br>Etobicoke, Ontaria, Canada |
| Phone No. | : | +91-9824404295 |
| Mobile No. | : | +1 (365) 338 3542 |
| E-mail | : | nilay.dave90@gmail.com |
| Contact | : | - |
| Address | : | - |
| Phone | : | - |
| Choice | : | - |
| Note | : | Nilay has been divorced |

| | | |
|---|---|---|
| Gotra | : | Shandilas |
| Nakshatra | : | Jeshtha |
| Rashi | : | Vrishchik |
| Nadi | : | Aadya |
| Gan | : | Rakshas |
| Varna | : | Brahmin |
| Yoni | : | Mriga |
| Varg | : | Mriga |



| | | |
|---|---|---|
| Name | : | Chi. Amar Bharatkumar Bhatt |
| Height | : | 6’-2’’ |
| Weight | : | 64 Kg. |
| Birth Date | : | 02-09-1996 |
| Birth Time | : | 05.09 a.m. |
| Birth Place | : | Anaheim, California, U.S.A. |
| Education | : | Manufrcture Engineering, Master in 2nd Years |
| Profession | : | Engineer at Defnce Company |
| Monthly Income | : | - |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Leenaben Bharatkumar Bhatt |
| Borther/Sisters | : | 1-Sister - Unmarried |
| Maternal Place | : | - |
| Father | : | Bharatkumar Rajendraprasad Bhatt |
| Address | : | - |
| Phone No. | : | 714-814-0282, 714-814-0283 |
| Mobile No. | : | - |
| E-mail | : | bhattji1960@gmail.com, leenabhatt67@gmail.com |
| Choice | : | Well Educated, Family Oriented, Dharmik Preferably Form USA or CANADA |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Chitralashya |
| Nakshatra | : | Bharni |
| Rashi | : | Mesh |
| Nadi | : | Madhya |
| Gan | : | - |
| Varna | : | Khatriya |
| Yoni | : | Gaj |
| Varg | : | Mrug |



## ૮૪ લાખ યોનિઓ કઈ-કઈ ??

જરાયુજ - (પાણી સાથે જન્મ) મનુષ્ય, પશુ આદિ ૨૧ લાખ

સ્વેદજ - (પરસેવાથી જન્મ) માંકડ, વીંછી આદિ ૨૧ લાખ

અંડજ - (ઈંડામાંથી જન્મ) પક્ષી, સર્પ આદિ ૨૧ લાખ

ઉદ્‌બીજ - (બીજમાંથી જન્મ) વૃક્ષ, વનસ્પતિ આદિ ૨૧ લાખ

- ૮૪ લાખ યોનિઓમાં મનુષ્ય જન્મ શ્રેષ્ઠ છે.
- માત્ર એક મનુષ્ય યોનિમાં જ મોક્ષ શક્ય છે.
- ૮૩,૯૯,૯૯૯ જન્મો માત્ર કરેલાં કર્મોના ફળ ભોગવવા માટે જ હોય છે.
- ૪,૩૨,૦૦૦ વર્ષ - કળિયુગનાં (સૌથી ઓછાં)
- ૮,૬૪,૦૦૦ વર્ષ - દ્વાપર યુગનાં
- ૧૨,૯૬,૦૦૦ વર્ષ - ત્રેતાયુગનાં
- ૧૭,૨૮,૦૦૦ વર્ષ - સત્યયુગનાં (સૌથી વધારે)
- ૪૩,૨૦,૦૦૦ ચારેય યુગોના વર્ષોની સરવાળો.

૪૩,૨૦,૦૦૦ x૧૦૦૦ કરવાથી જે સંખ્યા મળે એટલે બ્રહ્માનો એક દિવસ પૂરો થાય, બીજાં આટલાં જ વર્ષો પૂરાં થાય ત્યારે બ્રહ્માની એક રાત્રિ પૂરી થાય.

બ્રહ્માના ૨૪ કલાક પૂરા થાય તેને એક કલ્પક છે. ઈ.સ. પૂર્વ ૩૧૦૨માં કળિયુગનો પ્રારંભ થયેલ હતો. કળિયુગમાં મનુષ્યનું સરેરાશ આયુષ્ય ૧૦૦ વર્ષનું ગણાય.

કળિયુગમાં મનુષ્યનું આયુષ્ય ૧૦૦ વર્ષનું હોય છે.

દ્વાપરયુગમાં મનુષ્યનું આયુષ્ય ૧૦૦૦ વર્ષનું હોય છે.

ત્રેતાયુગમાં મનુષ્યનું આયુષ્ય ૧૦,૦૦૦ વર્ષનું હોય છે.

સત્યયુગમાં મનુષ્યનું આયુષ્ય ૧,૦૦,૦૦૦ (એક લાખ) વર્ષનું હોય છે.

કળિયુગના અંતે મનુષ્યનું આયુષ્ય ૨૦ થી ૩૦ વર્ષનું થઈ જશે.

કળિયુગના અંતે મનુષ્યનાં શરીર ખૂબ ટૂંકાં થઈ જશે.

કળિયુગમાં છળકપટ તથા અપ્રમાણિકતા ખૂબ વધી જશે.

કળિયુગમાં મનુષ્ય થોડાં ધન માટે એકબીજાને મારશે કે મરશે.

કળિયુગના અંતે શંભલ ગામમાં વિષ્ણુ યશ બ્રાહ્મણને ઘરે કલ્કિ અવતાર ધરશે.

આ કલ્કિ અવતારથી સત્યયુગનો પ્રારંભ થશે.

Registered Under RNI No. GUJGUJ/2007/20537 date 24-07-07 Permitted to Post at PSO on last day of month Regd. Under Postal Regd. No. GAMC-705/2022-24 issued by SSP Ahmedabad valid & Renewed upto Dt. 31-12-2024
LPWP No. PMG / NG / 100 / 2022-2024 valid upto 31-12-2024
Published on 27th Every Month

## : જાણવા જોગ :

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક “બાજખેડાવાળ પત્રિકા” આપ સર્વે http://abbhs.in પર Patrika વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.**

## સુધારો

*સપ્ટેમ્બર ૨૦૨૨ના અંકમાં પાના નં. ૨૮ પર* Chi. Yash Devana Shukla *ના બદલે* Chi. Yash Devang Shukla *વાંચવુ.*

## ભેટ

*વિદ્યાનગર નિવાસી ઈલાબેન હર્ષદરાય શુક્લની પૌત્રી અને યામિની હાર્દિકકુમાર શુક્લની પુત્રી અને અમારી ભાણી હર્ષિતી યુ.સી. મેથ્સમાં સ્ટેટ લેવલે ૬૦૦૦ વિદ્યાર્થીઓમાંથી બીજા ક્રમે ઉતિર્ણ પામેલ છે. તો અમો ભાવનાબેન જગદીશચંદ્ર ભટ્ટે મંડળને રૂ. ૨૫૧/–ની ભેટ આપેલ છે.*

**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**
**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી શ્રી જગતભાઈ એચ. દવે** દ્વારા ધર્મેશ પ્રિન્ટોરીયમ, પ્રેસ, બી–૬, ૨૩ અને ૧૨–બી અગ્રવાલ ઈન્ડસ્સ્ટ્રીયલ એસ્ટેટ, અગ્રવાલ આઈસ ફેક્ટરી કંમ્પાઉન્ડ, દુધેશ્વર, અમદાવાદમાં છપાવી બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફલેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭
**(M) 9898535030, 9974127810**